# ટેક્સ ટુડે

RNI No.GUJGUJ/2016/74805


e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in


પ્રતિશ્રી,


Tax Today (Monthly) (ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

◆ વર્ષઃ ૮ ◆ અંકઃ ૧૨ ◆ સળંગ અંકઃ ૯૫ ◆ તા.૨૦/૧૦/૨૦૨૪, શનિવાર ◆ પાના-૪ ◆ છૂટક અંકની કિંમત રૂ.૨૦ ◆ વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- (કુરીયર સાથે રૂ.૩૦૦/-)

◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦

◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month


## રાજકોટ ખાતે જ્ઞાનોદય પાઠશાળા હેઠળ જી.એસ.ટી. ઉપર સેમિનારનું આયોજન

### ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસો. તથા ધ રાજકોટ જી.એસ.ટી. બાર એસો. ના સંયુક્ત ઉપક્રમે થયું આયોજન








તા. ૦૩.૧૦.૨૦૨૪ ૦૨ ઓક્ટોબરના રોજ રાજકોટની ધ ગ્રાન્ડ ઠાકર હોટેલ ખાતે ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસો. તથા ધ રાજકોટ જી.એસ.ટી. બાર એસો. ના સંયુક્ત ઉપક્રમે જી.એસ.ટી. ના વિષયો ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વક્તા તરીકે અમદાવાદના જાણીતા CA પુનિત પ્રજાપતિ અને વડોદરાના જાણીતા CA-એડવોકેટ અભય દેસાઇ ઉપસ્થિત રહ્યા હતા. CA પુનિત પ્રજાપતિ દ્વારા જી.એસ.ટી. હેઠળ મહત્વના ચૂકડાઓ વિષે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી જ્યારે CA-એડવોકેટ અભય દેસાઇ દ્વારા જી.એસ.ટી. કાઉન્સીલની ૫૩ તથા ૫૪ મી મિટિંગમાં લેવાયેલા મહત્વના નિર્ણય ઉપરના ઉપયોગી માહિતી આપેલ હતી. આ તકે જ્ઞાનોદય પાઠશાળાના ઉપક્રમે સેમિનાર બાબતે ધી ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસીએશનના પ્રમુખ શૈલેષ મકવાણા, રાજકોટ ટેક્સ બાર એસોસીએશનના પ્રમુખ અપૂર્વ મહેતા, જ્ઞાનોદય પાઠશાળાના કન્વીનર બાલમુકુન્દ શાહ દ્વારા પોતાના વિચારો રજૂ કર્યા હતા. અમદાવાદ-સુરતથી આ કાર્યેક્રમમાં ગુજરાત સ્ટેટ ટેક્સ બારના હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાંથી ''ડેલિગેટ્સ'' મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યેક્રમના અંતે આભારવિધિ ગુજરાત સ્ટેટ ટેક્સ બારના સેક્રેટરી આશુતોષ ઠક્કર દ્વારા કરવામાં આવેલ હતી. આ સેમિનારને સફળ બનાવવા રાજકોટ જી.એસ.ટી. બાર એસોસીએશનની ટિમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

**પૌરવ પોપટ, ટેક્સ ટુડે, રાજકોટ**

## જી.એસ.ટી. હેઠળ ધાતુ (મેટલ) સ્ક્રેપ ઉપર ૧૦ ઓક્ટોબર ૨૪થી RCM થશે લાગુ




તા. ૦૯.૧૦.૨૦૨૪ જી.એસ.ટી. કાઉન્સીલની ૫૪ મી બેઠકમાં કરવામાં આવેલ ભલામણ પ્રમાણે કેન્દ્ર સરકાર દ્વારા ધાતુના ભંગાર (મેટલ સ્ક્રેપ) ઉપર રિવર્સ ચાર્જ લાગુ કરવા અંગે ૧૦ ઓક્ટોબર ૨૪ થી નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. આ રિવર્સ ચાર્જ ૧૦ ઓક્ટોબર ૨૪ થી લાગુ થઈ જશે. આમ, મેટલ સ્ક્રેપ સાથે જોડાયેલા ધંધાર્થી દ્વારા જ્યારે તેઓ ખરીદી બિનનોંધાયેલ વ્યક્તિ પાસેથી કરે ત્યારે જે તે દરે RCM ભરવાનો રહેશે. સામાન્ય રીતે મેટલ સ્ક્રેપ પર ૧૮% જી.એસ.ટી. છે. હવે જ્યારે મેટલ સ્ક્રેપનો વેપારી જી.એસ.ટી. હેઠળ બિન નોંધાયેલ વ્યક્તિ પાસેથી ખરીદી કરશે ત્યારે RCM ભરવા પાત્ર બનશે. આ RCMની સામાન્ય સંજોગોમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પણ ખરીદનારને મળી જશે. આમ, RCM લાગુ થવાથી સામાન્ય રીતે ખાસ કોઈ નાણાકીય બોજ કરદાતા ઉપર લાગુ થશે નહીં પરંતુ આ કારણે મેટલ સ્ક્રેપમાં ચાલી રહેલા ટેક્સ ચોરી કૌભાંડ ઉપર રોક લાગશે તેવું મનાઈ રહ્યું છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

## કોમર્શિયલ મિલ્કત પર RCM થઈ ગયો છે લાગુ!!

તા. ૦૯.૧૦.૨૦૨૪ જી.એસ.ટી. કાઉન્સીલની ૫૪ મી મિટિંગમાં ભલામણ કરવામાં આવી હતી કે જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ હોય તેવા કરદાતા માટે કોમર્શિયલ (વાણિજયક) મિલ્કત ભાડે રાખવામા આવી હોય અને મિલ્કત માલિક જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ ના હોય તેવા કિસ્સામાં મિલ્કત ભાડે રાખનાર કરદાતા દ્વારા રિવર્સ ચાર્જ (RCM) મુજબ વેરો ભરવાની જવાબદારી લાગુ થશે. કેન્દ્ર સરકાર દ્વારા આ ભલામણ સ્વીકારી આ અંગે નોટિફિકેશન ૦૯/૨૦૨૪ તા. ૦૮.૧૦.૨૦૨૪ બહાર પાડવામાં આવ્યું છે અને આ RCMની જવાબદારી ૧૦ ઓક્ટોબર ૨૦૨૪ થી લાગુ થશે તેમ જાહેર કરવામાં આવ્યું છે.

આમ, ૧૦ ઓક્ટોબર બાદ ચૂકવવામાં આવતા કોમર્શિયલ મિલ્કતના ભાડા ઉપર ભાડે રાખનાર વ્યક્તિ જો જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ હશે તો RCM તરીકે ભાડાની રકમ ઉપર ૧૮% જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવશે. સામાન્ય રીતે છ્ઈખ ની ક્રેડિટ મળી રહેતી હોય, આર્થિક રીતે આ RCM બહુ મોંઘો પડતો હોતો નથી પરંતુ જે કરદાતા કંપોઝીશન હેઠળ ટેક્સ ભરે છે અથવા તો જે કરદાતાઓ કરપાત્ર સાથે કરમુક્ત માલનું વેચાણ પણ કરે છે આવા કરદાતા માટે આ જવાબદારી આર્થિક ડામ આપશે તે ચોક્કસ છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

## શેર બજારના નફા ઉપર આવેલ ઇન્કમ ટેક્સ બાબતે ગુજરાત હાઈકોર્ટમાં થઈ છે જાહેર હિતની અરજી!! શું કરદાતાઓને લાભ મળશે??

### ગુજરાત હાઇકોર્ટમાં થયેલ આ જાહેર હિતની અરજી (PIL) એડમિટ થાય છે કે કેમ તેની ઉપર રહેશે સૌની નજર

તા. ૧૫.૧૦.૨૦૨૪ ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા 'સ્પેશિયલ રેઈટ ઇન્કમ' ઉપર રિબેટનો લાભ નકારી અને મોટા પ્રમાણમાં કરદાતાઓ ઉપર ડિમાન્ડની નોટિસ મોકલવામાં આવી છે. મોટા ભાગે આ નોટિસ શેર બજારમાં થયેલ નફા બાબતે કરદાતાઓને આવી રહી છે.




જુલાઇની શરૂઆત સુધી ઇન્કમ ટેક્સની યુટિલિટી પણ કરદાતાઓને રિબેટનો લાભ આ પ્રકારની 'સ્પેશિયલ રેઈટ ઇન્કમ' ઉપર આપતું હતું.

પરંતુ જુલાઇની શરૂઆત બાદ ઇન્કમ ટેક્સ યુટિલિટીમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને આ પ્રકારની આવક ઉપર ઇન્કમ ટેક્સની કલમ 87A હેઠળનો લાભ આપવામાં આવતો ન હતો. આ ફેરફારના કારણે ઘણા બધા કરદાતાઓને ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી ૧૦૦ રૂપિયા થી મંડીને ૨૫૦૦૦ જેવી રકમની ડિમાન્ડની નોટિસ મોકલવામાં આવી છે.

અમદાવાદના એક ચાર્ટર્ડ એકાઉન્ટંટ દ્વારા આ બાબતે ગુજરાત હાઇકોર્ટમાં જાહેર હિતની અરજી કરી હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. ઇન્કમ ટેક્સ દ્વારા પાછળથી કરવામાં આવેલ સુધારા બાબતે તમામ કરદાતાઓને આપવામાં આવેલ નોટિસ અંગે અરજીમાં વાંધો ઉઠાવવામાં આવ્યો છે. આ જાહેર હિતની અરજીજો ગુજરાત હાઇકોર્ટ દ્વારા સ્વીકારશે અને કરદાતાની તરફેણમાં ચુકાદો આવે તો ઘણા મોટા પ્રમાણમા કરદાતાઓને ફાયદો થઈ શકે છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**


# INVOICE MANAGEMENT SYSTEMની સરળ ભાષામાં સમજુતી



-By Prashant Makwana,
Tax Consultant

### પ્રસ્તાવના

જેટલી ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ક્લેમ કરવા પાત્ર છે તેટલી ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ક્લેમ કરી શકી, કોઈ પણ ઇનવોઇસ ની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ક્લેમ કરવાની રહી નો જાય તે હેતુ થી GSTમાં Invoice Management System (IMS) લાગુ થવા જય રહ્યું છે. હાલમાં કરદાતાને ૧૪ તારીખે ખબર પડે કે કેટલા ઇનવોઇસ GSTR-2Bમાં બતાવે છે ને કેટલા નથી બતાવતા. IMSથી ૧૧ તારીખ પહેલા કરદાતા ચેક કરી શકે છે કે કેટલા ઇનવોઇસ IMSમાં બતાવે છે ને કેટલા નથી બતાવતા જે ઇનવોઇસ IMSમાં બતાવતા નો હોય તો તેની સપ્લાયર સાથે વાત કરીને તે ઇનવોઇસ IMSમાં બતાવે તેવું કરી શકાય છે, જેથી કોઈ પણ ઇનવોઇસની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ક્લેમ કરવાની રહી ના જાય. આ આર્ટીકલમાં Invoice Management System(IMS)ની સરળ ભાષામાં સમજુતી આપવામાં આવી છે.




### INVOICE MANAGEMENT SYSTEM

- GSTR-1/IFF/1A દ્વારા ઇન્વોઇસ સેવ કરવામાં આવશે તો પણ તે રીસીપ્યન્ટને તેના IMS ડેશબોર્ડમાં બતાવશે.
- રીસીપ્યન્ટ ઇન્વોઇસને ACCEPT, REJECT કરી શકે અથવા કઈ પણ નહિ કરીને પેન્ડીંગ પણ રાખી શકે છે.
- સપ્લાયર દ્વારા ઇન્વોઇસ GSTR-1/IFF/GSTR-1A દ્વારા સેવ કરવામાં આવે ત્યારથી શરુ કરીને રીસીપ્યન્ટ GSTR-3B ફાઈલ કરે ત્યાં સુધી રીસીપ્યન્ટ ઇન્વોઇસ પર એકસન લઈ શકે છે.
- રીસીપ્યન્ટ દ્વારા કોઈ પણ ACTION ઇન્વોઇસ પર લેવામા ના આવે તો તે DEEMED ACCEPTED સ્વીકારી લીધેલ છે તેમ માની લેવામાં આવશે.
- જે ઇન્વોઇસની ITC પેન્ડીંગ રાખી છે તે ITC સેક્સન ૧૬(૪)ની સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને ગમે ત્યારે ક્લેમ કરી શકાશે.
- રીસીપ્યન્ટ ઇન્વોઇસ પર જે એક્શન લે છે તે સપ્લાયર પણ જોઈ શકશે.
- રીસીપ્યન્ટે ઇન્વોઇસ પર એકસન લીધેલ હશે તેનાં પરથી દરેક ઇન્વોઇસ નીચેના ચાર કેટેગરીમાં ડીવાઈડ થશે.

**1. NO ACTION TAKEN**

જે ઇન્વોઇસ પર કોઈ પણ પ્રકારનું એક્શન લીધેલ ના હોય તે NO ACTION TAKENમાં આવશે. આવા ઇન્વોઇસ DEEMED ACCEPT ગણવામાં આવશે અને GSTR-2Bમાં બતાવશે.

**2. ACCEPTED ઇન્વોઇસ**

એવા ઇન્વોઇસ કે જેના પર રીસીપ્યન્ટે ACCEPT કરેલ હોય. ACCEPTED ઇન્વોઇસ GSTR-2Bમાં બતાવશે.

**3. REJECTED ઇન્વોઇસ**

જે ઇન્વોઇસ રીસીપટન્ટે રીજેક્ટ કરેલા હશે, તે ઇન્વોઇસ REJECT ઇન્વોઇસ GSTR-2Bમાં બતાવશે નહિ

૪. PENDING

રીસીપટન્ટે જે ઇન્વોઇસ પર પેન્ડીંગ પર ક્લિક કરીને પેન્ડીંગ રાખેલા હશે તે ઇન્વોઇસ પેન્ડીંગમાં બતાવશે પેન્ડીંગ ઇન્વોઇસ GSTR-2Bમાં બતાવશે નહિ પેન્ડીંગ ઇન્વોઇસ IMSમાં તેના આગળના મહિનામાં કેરી ફોરવર્ડ થય જશે.

- અહિયાં એક વાત ખાસ નોંધવા જેવી છે કે જે ઇન્વોઇસને પેન્ડીંગ રાખવાના છે તે ઇન્વોઇસમાં KEEP PENDING પર ક્લિક કરવું પડશે ખરીદનારે એવું નહિ વિચારવાનું કે કોઈ એક્શન નહિ લેવામાં આવે તો તે પેન્ડીંગ રહેશે. કોઈ એક્શન નહિ લય તો તે DEEMED ACCEPTED થઇ જશે.
- જે તે ટેક્ષ પીરીયડનું GSTR-3B ફાઈલ થય જાય પછી ACCEPTED / REJECTED ઇન્વોઇસ IMS ડેશબોર્ડમાંથી નીકળી જશે.
- એક વાર IMSમાં આપણે ઇન્વોઇસને ACCEPT/REJECT કર્યા પછી GSTR-3B ફાઈલ થય જાય ત્યાર બાદ આપણને IMSમાં કેટલા ACCEPT કર્યા કે REJECT કર્યા તે ખ્યાલ આવશે નહિ.
- IMS ડેશબોર્ડમાં ઇનવર્ડ RCM સપ્લાય જે સપ્લાયરે GSTR-1/IFF માંબતાવી છે તે બતાવશે થશે નહીં
- POS RULE અને ૧૬(૪)ના કારણે જે સપ્લાયરની ITC મળવા પત્ર નથી તે IMS ડેશબોર્ડમાં આવશે નહીં.
- IMSમાં નીચેના ડોક્યુમેન્ટમાં પેન્ડીંગ રાખી શકાશે નહિ.

### ORIGINAL CREDIT NOTE

- ORIGINAL CREDIT NOTEમાં કોઈ એક્શન લીધેલ હોય કે નો હોય જયારે અપવર્ડ અમેંડમેન્ટ CREDIT NOTEનું કરવામાં આવે ત્યારે તેને પેન્ડીંગ રાખી શકાય નહીં.
- જો ઓરીજનલ CREDIT NOTE રીજેક્ટ થયેલ હોય અને તેમાં ડાઉનવર્ડ અમેંડમેન્ટ કરવામાં આવે તો તેને પેન્ડીંગ રાખી શકાશે નહીં.
- જયારે ORIGINAL INVOICE/DEBIT NOTE ACCEPT થય ગયું હોય અને રીસીપટન્ટે GSTR-3B ફાઈલ કરી દીધું હોય તો તે INVOICE/DEBIT NOTEમાં ડાઉનવર્ડ અમેંડમેન્ટ કર્યું હોય તો ACCEPT/REJECT કરી શકાય પણ પેન્ડીંગ રાખી શકાય નહીં.
- ઉપરના મુજબના જે ડોક્યુમેન્ટ રીસીપ્યન્ટ પેન્ડીંગ નથી રાખી શકતા તે રેકોર્ડ જો રીસીપ્યન્ટ દ્વારા REJECT કરવામાં આવે તો તેની આઉટપુટ લાયબીલીટી સપ્લાયરના ત્યાર પછીના GSTR-3Bમાં ઓટોમેટીક એડ થઇ જશે.
- INVOICE MANAGEMENT SYSTEM થી GSTR -2Bમાં થશે ફેરફાર
- IMS દ્વારા જે ઇન્વોઇસ ACCEPT કરેલા હશે તે જ ઇન્વોઇસ GSTR-2B માં બતાવશે.
- GSTR-2Bમાં ફક્ત જે ઇન્વોઇસ GSTR-1/IFF/GSTR-1A દ્વારા ફાઈલ થયા હશે તેજ બતાવશે. કોઈ સપ્લાયરે GSTR-1/IFF/GSTR-1Aમાં ઇન્વોઇસ સેવ કર્યું અને રીસીપટન્ટે ACCEPT કર્યું પરંતુ કોઈ પણ કારણસર જો તે ટેક્ષ પીરીયડનું GSTR-1/IFF/ફાઈલ ના કર્યું હોય તો તે GSTR-2Bમાં બતાવશે નહિ.
- રીસીપ્યન્ટે IMSમાં ઇન્વોઇસમાં ACCEPT/REJECTનું એકસન પણ લેવું પડશે. અને જયારે 2B જનરેટ થાય ત્યારે GSTR-2B પણ રાબેતા મુજબ જોવું પડશે.
- મારા મત મુજબ IMS ડેશબોર્ડમાં GSTR-1/IFF ફાઈલ થયું છે કે નઈ તે પણ બતાવે એવું હોવું જોઈએ. IMSમાં સેવ ઇન્વોઇસ બતાવે પણ જો તે સેવ ઇન્વોઇસનું GSTR-1/IFF ફાઈલનો થાય તો તે GSTR-2Bમાં બતાવશે નહિ.
- હાલમાં અત્યારે ૧૪ તારીખે GSTR-2B જનરેટ થાય છે તે હવેથી ડ્રાફ્ટ GSTR-2B જનરેટ થશે ડ્રાફ્ટ GSTR-2B જનરેટ થયા પછી પણ રીસીપ્યન્ટ ACCEPT/REJECT/KEEP PENDINGનું એકસન લઈ શકશે ડ્રાફ્ટ GSTR-2B જનરેટ થયા પછી ACCEPT/REJECT કરવામાં આવે તો GSTR-2B રી-કમ્પ્યુટ કરવાનું રહેશે.
- ટેક્ષ પીરીયડ માટે GSTR-3B ફાઈલ કરી ત્યાં સુધી રીસીપ્યન્ટ ACCEPT/REJECT/KEEP PENDINGનું એક્શન લઇ શકે છે.
- ટેક્ષ પેયર દ્વારા GSTR-3B ફાઈલ થશે તો તેના પછીના ટેક્ષ પીરીયડનું GSTR-2B જનરેટ થશે.
- સેવ અથવા ફાઈલ કરેલ ઈનવોઈસ માં સુધારો કરવા માં આવે ત્યારે IMSમાં તેની ઈફેક્ટ
- સપ્લાયર દ્વારા સેવ ઇન્વોઇસ છે તેમાં GSTR-1/IFF/ ફાઈલ કરતા પહેલા સુધારો કરવામાં આવે તો તે ઓરીજનલ ઇન્વોઇસ ને રિપ્લેસ કરી દેશે ઓરીજનલ ની જગ્યા એ સુધારેલું ઇન્વોઇસ રીસીપ્યન્ટને IMSમાં બતાવશે. રીસીપ્યન્ટ દ્વારા સેવ ઇન્વોઇસ માં સુધારો કરવામાં આવે ત્યારે રીસીપ્યન્ટે તે ઇન્વોઇસ પર કોઈ પણ એકસન લીધેલ હોય તેને ધ્યાનમાં લીધા વગર તે ઓરીજનલ ઇન્વોઇસ ને બદલે સુધારેલું ઇન્વોઇસ બતાવશે.
- સપ્લાયર GSTR-1 ફાઈલ થય ગયા પછી GSTR-1Aમાં ઇન્વોઇસ ને સુધારવામાં આવે તો તે પણ IMSમાં બતાવશે પરંતુ તેની ITC જે ટેક્ષ પીરીયડમાં તે સુધારેલું હોય ત્યાર પછીના ટેક્ષ પીરીયડનું GSTR-2B જનરેટ થશે તેમાં તે બતાવશે.
- જયારે ORIGINAL RECORD અને AMENDMENT RECORD જુદા જુદા GSTR-2B ટેક્ષ પીરીયડમાં હોય ત્યારે ORIGINAL RECORD ઉપર એક્શન લેવું અને GSTR-3B ફાઈલ કરવું ફરજીયાત છે. ORIGINAL RECORD ઉપર એક્શન લેવાય જાય GSTR-3B ફાઈલ થય જાય પછી AMENDMENTના RECORD પર એક્શન લય શકશે.
- ORIGINAL RECORD અને AMENDMENT RECORD એક જ ટેક્ષ પીરીયાડના હશે તો GSTR-2B જનરેશનમાં AMENDMENT RECORD ધ્યાનમાં લેવાશે.
- QRMP એટલે કે ત્રિમાસિક GST રીટર્ન ફાઈલ કરતા કરદાતા માટે IMSની જોગવાઈ
- જે કરદાતા QRMS એટલે કે ત્રિમાસિક GST રીટર્ન ફાઈલ કરે છે તેમના માટે GSTR-2B ત્રિમાસિક જનરેટ થશે M1 અને M2માં GSTR-2B જનરેટ નહીં થાય.
- જે કરદાતા QRMPમાં રીટર્ન ફાઈલ કરે છે તેના માટે ટેક્ષની ગણતરી કરવામાં મુશ્કેલી સર્જાશે GSTR-2B M1 અને M2માં જનરેટ ના થાય તો કેટલી ITC લેવી તે ખ્યાલ ના આવે.

**(લેખક થાન ખાતે જી.એસ.ટી. તથા ઈન્કમ ટેક્સની પ્રેક્ટિસ કરે છે અને ટેક્સ ટુડેના નિયમિત લેખક છે)**

**(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઇ રીતે જવાબદાર રહેતા નથી.**

# જી.એસ.ટી. હેઠળ ઓક્ટોબર મહિનાનું GSTR 1 તથા 3B રિટર્ન છે અતિ મહત્વનું

## નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષની ઈનપુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરવાની મુદત છે ૩૦ નવેમ્બર

**તા. ૨૨.૧૦.૨૦૨૪**

જી.એસ.ટી. હેઠળ રિવાઈઝ રિટર્ન ભરવાની કોઈ સગવડ કરદાતાને આપવામાં આવી નથી. કરદાતા દ્વારા પોતાના દ્વારા પાછલા વર્ષીની કોઈ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવાની રહી ગઈ હોય અથવા તો પાછલા વર્ષના વેચાણની વિગતો દર્શાવવાનું રહી ગયું હોય કે આ વિગતો દર્શાવવામાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય, ત્યારે કરદાતા પછીના GSTR 3B તથા GSTR 1 દ્વારા સુધારી શકે છે. આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવાની મર્યાદા કે વેચાણ દર્શાવવાની કે સુધારવની મર્યાદા જે તે નાણાકીય વર્ષ પછીના વર્ષના ૩૦ નવેમ્બર સુધીની છે. આમ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષની કોઈ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવાની રહી ગઈ હોય અથવા વેચાણને લગતી કોઈ વિગતો દર્શાવવાની રહી ગઈ હોય કે તેમાં ભૂલ રહી હોય તો ઓક્ટોબર મહિનાનું રિટર્ન કરદાતા માટે ખૂબ મહત્વનુ રહે છે.

**૩૦ નવેમ્બર ૨૦૨૪ પછી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના વેચાણની વિગતોમાં કોઈ ફેરફાર થઈ શકે નહીં!**

અત્રે એ નોંધવું ખૂબ જરૂરી છે કે ૩૦ નવેમ્બર ૨૦૨૪ પછી જી.એસ.ટી.આર. ૧ ભરવામાં આવે તો નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષને લગતા વેચાણના કોઈ વ્યવહારોમાં ફેરફાર થઈ શકતો નથી. કોઈ B2B વેચાણ દર્શાવવાનું રહી ગયું હોય કે આ દર્શાવેલ વેચાણમાં કોઈ ભૂલ હોય તો આ સુધારો પણ ૩૦ નવેમ્બર ૨૦૨૪ પહેલા ભરવાના થતાં GSTR 1 કે IFFમાં કરી લેવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત કોઈ વેચાણ B2B ના બદલે B2Cમાં દર્શાવેલ હોય તો તે ફેરફાર પણ આગામી GSTR 1માં કરી લેવો જરૂરી છે. જો કે ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતા માટે હવે GSTR 1 ભરવાનું જાન્યુઆરીમાં આવવાનું હોય તેઓ IFFમાં પાછ્લા વર્ષના કોઈ B2B ઉમેરી તો શકશે પરંતુ B2Cના વેચાણમાં સુધારો કરવાનો મોકો કરદાતાને મળશે નહીં. આ પ્રકારના ફેરફાર કરવામાં ના આવે તો આ અંગે આકારણી ની નોટિસ આ તફાવતના કારણે આવવાની શક્યતા રહેતી હોય છે. આમ, ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતાઓ દ્વારા આ બાબતે ખાસ તકેદારી રાખવી જરૂરી છે કે ભલે કાયદા હેઠળ ૩૦ નવેમ્બર સુધી પાછ્લા વર્ષના સુધારા કરવાની પરવાનગી હોય છે પરંતુ વ્યાવહારિક રીતે આ QRMP કરદાતા દ્વારા સપ્ટેમ્બર મહિનાના રિટર્નમાં જ આ સુધારા કરી લે તે જરૂરી છે.

**૩૦ નવેમ્બર ૨૦૨૪ પછી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની કોઈ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ થઈ શકે નહીં!**

અત્રે એ નોંધવું ખૂબ જરૂરી છે કે ૩૦ નવેમ્બર ૨૦૨૪ પછી જી.એસ.ટી.આર. 3B ભરવામાં આવે તો નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષને લગતી કોઈ ખરીદીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં. આમ, ઓક્ટોબર ૨૦૨૪નું GSTR 3B પાછ્લા વર્ષની ઈનપુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરી લેવી ફરજિયાત છે. જો કે ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતા માટે હવે GSTR 3B ભરવાનું જાન્યુઆરીમાં આવવાનું હોય તેઓ માટે આ લાભ હવે મળી શકશે નહીં. આમ, ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતાઓ દ્વારા આ બાબતે ખાસ તકેદારી રાખવી જરૂરી છે કે ભલે કાયદા હેઠળ ૩૦ નવેમ્બર સુધી પાછ્લા વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવાની પરવાનગી હોય છે પરંતુ વ્યાવહારિક રીતે આ QRMP કરદાતા દ્વારા સપ્ટેમ્બર મહિનાના રિટર્નમાં જ આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લઈ લે જરૂરી છે.

**નાણાકીય વર્ષનું વાર્ષિક રિટર્ન ભરતા પહેલા આ ક્રેડિટ ક્લેઈમ કરવી છે જરૂરી**

સામાન્ય રીતે કરદાતા કોઈ નાણાકીય વર્ષ માટેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પછીના વર્ષના ૩૦ નવેમ્બર સુધી ક્લેઈમ કરી શકે છે. પરંતુ જો કરદાતાએ પોતાનું વાર્ષિક રિટર્ન, GSTR 9, ૩૦ નવેમ્બર પહેલા પહેલા ફાઈલ કરી આપેલ છે તો ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરવાની મુદત એ તે વાર્ષિક રિટર્ન ભર્યાની મુદત સુધીમાં જ ક્લેઈમ કરી શકાશે. આ બાબત કરદાતાએ ધ્યાને લેવી ખૂબ જરૂરી છે. આમ, કરદાતાએ પોતાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અંગે સંપૂર્ણ ખાત્રી કર્યા બાદ જ પોતાનું વાર્ષિક રિટર્ન ભરવું હિતાવહ છે. સામાન્ય રીતે જી.એસ.ટી. હેઠળ વાર્ષિક રિટર્ન ભરવાની મુદત નાણાકીય વર્ષ પછી ૩૧ ડિસેમ્બર રહેતી હોય છે. આમ, વાર્ષિક રિટર્ન ભરવામાં ઉતાવળ ના કરવામાં આવે તે જરૂરી છે.

**મોટા પ્રમાણમાં 'રોયલ્ટી' બાબતે RCMની નોટિસ મળી છે તેવા કરદાતા માટે ઓક્ટોબર ૨૪નું રિટર્ન છે વધુ મહત્વનુ!!**

છેલ્લા બે મહિનાથી મોટા પ્રમાણમા ''લીઝ'' ધારકોને રોયલ્ટી ઉપર રિવર્સ ચાર્જ મીકેનીઝમ (RCM) હેઠળ ટેક્સ ભરવાની નોટિસો મોટા પ્રમાણમા આપવામાં આવી છે. આવા કરદાતા માટે આ ઓક્ટોબરનું રિટર્ન, કે જે ૩૦ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ભરવામાં આવે તે વિશેષ મહત્વ ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષના RCM ભરી આ RCMની ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી લેવામાં આવે તો કરદાતાને વ્યાજ અંગે અને દંડ પૂરતું જ નુકસાન જશે. ટેક્સની રકમ ક્રેડિટ સ્વરૂપે બાદ મળી જશે. આમ, આ પ્રકારે નોટિસ આવેલ હોય તેવા કરદાતા અથવા તો અન્ય કોઈ RCM ભરવાનો બાકી હોય તેવા કરદાતાએ આ RCM ભરી તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ આગામી રિટર્નમાં લઈ લેવી જરૂરી છે.


જી.એસ.ટી. હેઠળ ઓક્ટોબરનું માસિક GSTR 1 તથા GSTR 3B રિટર્ન ખૂબ મહત્વ ધરાવે છે. આ રિટર્ન ભરવામાં વધુમાં વધુ સાવધાની રાખવી કરદાતા માટે જરૂરી છે. આ સમયે ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતા માટે ૩૦ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં વેચાણ અંગે સુધારા કરવા બાબતે તથા ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરવા બાબતે કોઈ વ્યવસ્થા આપવામાં આવે તો તેઓના માટે ૩૦ નવેમ્બર સુધી વધારવામાં આવેલ સમય મર્યાદાનો લાભ અસરકારક રીતે મળી શકે. પાછલા નાણાકીય વર્ષના તમામ ફેરફાર આગામી રિટર્નમાં કરી આપવામાં આવે તો કરદાતાઓને આકારણીમાં સરળતા રહેતી હોય છે. કરદાતાઓ આ અંગેની ગંભીરતા સમજે તે ખાસ જરૂરી છે.

# કરદાતાઓ માટે ઈન્કમ ટેક્સ હેઠળ બહાર પાડવામાં આવી છે વિવાદ નિવારણ યોજના!!

## જૂની ડિમાન્ડ સંદર્ભે અપીલ કરેલી હોય તેવા કરદાતા માટે આ યોજના અંગે જાણવું ખાસ જરૂરી

**તા. ૦૨.૧૦.૨૦૨૪**

નાણામંત્રી દ્વારા ૨૩ જુલાઈ ૨૦૨૪ ના રોજ બજેટ દ્વારા ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ 'વિવાદ સે વિશ્વાસ સ્કીમ-૨૦૨૪'ની જાહેરાત કરવામાં આવી હતી. હવે ૧૯ સપ્ટેમ્બરથી આ યોજના બાબતે નોટિફિકેશન પણ બહાર પાડી આપવામાં આવ્યું છે. આ યોજના અંગેની મહત્વની માહિતી આ લેખમાં આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.




**કયારથી લાગુ થશે આ યોજના?**

'ડાયરેક્ટ ટેક્સ વિવાદ સે વિશ્વાસ સ્કીમ-૨૦૨૪' યોજના ૦૧ ઓક્ટોબર ૨૦૨૪ થી કરદાતાઓ માટે શરૂ થશે.

**આ યોજના હેઠળ કોણ લાભ લઈ શકે છે?**

આ યોજના હેઠળ કોઈ પણ કરદાતા કે જેઓ દ્વારા સુપ્રીમ કોર્ટ, હાઈ કોર્ટ, ઈન્કમ ટેક્સ ટ્રિબ્યુનલ, કમિશ્નર અપિલ્સ, પાસે કરદાતા દ્વારા કે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા અપીલ કરવામાં આવી હોય કે કરદાતા દ્વારા રિવિઝનની કાર્યવાહી માટે અરજી કરવામાં આવી હોય અને તે ૨૨ જુલાઈ ૨૦૨૪ ના રોજ પડતર હોય તેવા તમામ કેસોને લાગુ પડશે. આ ઉપરાંત ''ડીસ્પ્યુટ રિઝોલ્યૂશન પેનલ'' હેઠળ કોઈ કામગીરી પડતર હોય તેવા કેસોને પણ લાગુ પડશે.

આ યોજનાનો લાભ લેવા કરદાતાએ કઈ અને કેટલી રકમ ભરવાની રહેશે?

**આ યોજના નો લાભ લેવા કરદાતાએ નીચે મુજબ રકમ ભરવાની જવાબદારી આવશે**

| ટેક્સ સહિત ડિમાન્ડનો પ્રકાર | ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ પહેલા ભરવાપાત્ર રકમ | ૦૧ જાન્યુઆરીથી નિયત છેલ્લી તારીખ સુધી ભરવાપાત્ર રકમ |
|---|---|---|
| ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ પછી કરવામાં આવેલ અપીલ જેમાં ડિમાન્ડમાં ટેક્સ, વ્યાજ અને દંડનો સમાવેશ થતો હોય | મૂળ ટેક્સની રકમ | મૂળ ટેક્સની રકમ ઉપરાંત ટેક્સની રકમના ૧૦% રકમ |
| ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ કે તે પહેલા કરવામાં આવેલ અપીલ જેમાં ડિમાન્ડમાં ટેક્સ, વ્યાજ અને દંડનો સમાવેશ થતો હોય | મૂળ ટેક્સની રકમ ઉપરાંત ટેક્સની રકમના ૧૦% રકમ | મૂળ ટેક્સની રકમ ઉપરાંત ટેક્સની રકમના ૨૦% |
| ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ પછી કરવામાં આવેલ અપીલ જે કિસ્સામાં અપીલનો વિવાદનો મુદ્દો માત્ર વ્યાજ, દંડ કે ફી અંગેનો હોય | વિવાદિત વ્યાજ, દંડ કે ફીના ૨૫% રકમ | વિવાદિત વ્યાજ, દંડ કે ફીના ૩૦% રકમ |
| ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ કે તે પહેલા કરવામાં આવેલ અપીલ જે કિસ્સામાં અપીલનો વિવાદનો મુદ્દો માત્ર વ્યાજ, દંડ કે ફી અંગેનો હોય | વિવાદિત વ્યાજ, દંડ કે ફીના ૦% રકમ | વિવાદિત વ્યાજ, દંડ કે ફીના ૩૫% રકમ |
| ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા જે કિસ્સામાં અપીલ ફાઈલ કરવામાં આવેલ હોય ત્યારે | ઉપર ૧ થી ૪માં જણાવેલ રકમના ૫૦% રકમ | ઉપર જણાવેલ રકમના ૫૦% રકમ |
| કમિશ્નર કે જોઈન્ટ કમિશ્નર અપીલ પાસે કોઈ અપીલ પડતર હોય અને આ મુદ્દા અંગે ઈન્કમ ટેક્સ ટ્રિબ્યુનલનો નિર્ણય કરદાતા તરફે થયેલ હોય ત્યારે | ઉપર ૧ થી ૪માં જણાવેલ રકમના ૫૦% રકમ | ઉપર ૧ થી ૪ માં જણાવેલ રકમના ૫૦% રકમ |
| ઈન્કમ ટેક્સ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ પડતર હોય અને હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ દ્વારા આ મુદ્દા ઉપર કરદાતાની તરફેણમાં નિર્ણય કરવામાં આવેલ હોય ત્યારે | ઉપર ૧ થી ૪ માં જણાવેલ રકમના ૫૦% રકમ | ઉપર ૧ થી ૪ માં જણાવેલ રકમના ૫૦% રકમ |

**આ યોજનાનો લાભ લેવા કરદાતા દ્વારા કરવાની થતી વિધિઃ**

- આ યોજનાનો લાભ લેવા કરદાતા દ્વારા નિયત ફોર્મમાં (જે હવે પછી બહાર પાડવામાં આવશે) એક 'ડિકલેરેશન' ફાઈલ કરવાનું રહશે. આ 'ડિકલેરેશન' ફાઈલ કર્યા બાદ અને સત્તાધિકારી દ્વારા આ સ્કીમની માન્યતાનું 'સર્ટિફિકેટ' આપવામાં આવ્યાની સાથે જ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ઈન્કમ ટેક્સ ટ્રિબ્યુનલ, કમિશ્નર અપીલસ સમક્ષ ચાલી રહેલી અપીલ પરત ખેંચી લેવાની માની લેવામાં આવશે.
- કરદાતા દ્વારા જ્યાં અપીલ ફાઈલ કરવામાં આવેલ છે અને જ્યાં આ યોજના હેઠળ અધિકારી દ્વારા આ યોજનાની માન્યતાનું 'સર્ટિફિકેટ' કરદાતાને આપવામાં આવેલ છે ત્યારે કરદાતા દ્વારા જે તે અપીલ અધિકારી, ટ્રિબ્યુનલ, હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમાં અપીલ પરત ખેચવાની રહેશે અને આ અપીલ પરત ખેંચી લીધી છે તે અંગેની જાણ અધિકારીને રકમ ભર્યાના પુરાવા સાથે કરવાની રહેશે.
- આ યોજનાનો લાભ લેતા કરદાતા દ્વારા 'ડિકલેરેશન' આપી ભવિષ્યમાં પણ આ મુદ્દા ઉપરના પોતાના કાયદાકીય વિકલ્પો જતાં કરવા અંગે બાહેધરી આપવાની રહેશે.
- કરદાતા દ્વારા કોઈ મહત્વની માહિતી છુપાવવામાં આવી હોય, કે માહિતી ખોટી આપવામાં આવેલ હોય, આ યોજનાના કોઈ નિયમોનો ભંગ કરવામાં આવેલ હોય અથવા તો કરદાતા પોતે આપવામાં આવેલ બાંહેધરી પ્રમાણે વર્તવામાં નિષ્ફળ ગયેલ હોય તો આ યોજનાનો લાભ લેવા કરવામાં આવેલ 'ડિકલેરેશન' માન્ય ગણાશે નહીં. આમ થવાથી કરદાતા આ યોજનાથી બહાર ગણાશે અને આ યોજનાની પૂર્વેની સ્થિતિ પૂર્વરત થયેલ ગણાશે.
- આ યોજનાનો લાભ લેતા કરદાતા સંદર્ભે કોઈ પણ અપીલ અધિકારી કેસ આગળ વધારી નિર્ણય કરશે નહીં.

**આ યોજના હેઠળ અધિકારી દ્વારા કરવાની થતી વિધિ**

- આ યોજના હેઠળ કરદાતા દ્વારા 'ડિકલેરેશન' ફાઈલ કરવામાં આવે તેના ૧૫ દિવસમાં કરદાતાને આ યોજના હેઠળ તેઓ દ્વારા ભરવાની થતી ટેક્સ, વ્યાજ, દંડ, ફી ની રકમ અંગે માહિતી આપતું સર્ટિફિકેટ આપવાનું રહેશે.
- કરદાતા દ્વારા આ સર્ટિફિકેટ મેળવવામાં આવે ત્યારથી ૧૫ દિવસમાં સર્ટિફિકેટમાં જણાવેલ રકમ ભરપાઈ કરી આપવાની રહેશે અને આ અંગેની જાણ અધિકારીને કરવાની રહેશે.
- કરદાતા દ્વારા સર્ટિફિકેટ મુજબનું ચુકવણું કરી અધિકારીને જાણ કરવામાં આવે ત્યારબાદ અધિકારી દ્વારા આ અંગે આદેશ પસાર કરવામાં આવશે. આ આદેશ એ આ યોજનાના લાભ લેવાનો પૂર્ણ રીતે માન્ય પુરાવો ગણાશે. આ યોજના હેઠળના આદેશ ઉપર પુનઃ ચકાસણી માટેના કોઈ અવકાશ રહેશે નહીં.

**આ યોજનાની અન્ય મહત્વની શરતો તથા વિગતો**

- આ યોજનાનો લાભ લેતા કરદાતાને આ મુદ્દા ઉપર ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ ફોજદારી કાર્યવાહી જેવી અન્ય કાર્યવાહીમાંથી પણ મુક્તિ મળી રહશે.
- આ યોજના હેઠળ ભરવામાં આવેલ રકમનું કોઈ પણ સંજોગોમાં રિફંડ આપવામાં આવશે નહીં.
- જો આ યોજનાના લાભ લેતા અગાઉ કરદાતા દ્વારા કોઈ રકમ ભરવામાં આવી છે (પ્રિ ડીપોઝીટ) અને આ રકમ કરતાં આ યોજના હેઠળ ભરવાપાત્ર રકમ ઓછી હોય આવા સંજોગોમાં કરદાતાને રિફંડ આપવામાં આવશે પરંતુ આ રિફંડ હેઠળ ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૨૪૪ હેઠળ કોઈ વ્યાજ આપવામાં આવશે નહીં.
- ક્યાં કરદાતાઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી?

**આ યોજનાનો લાભ નીચેના કરદાતાઓને મળવા પાત્ર નથી**

- સર્ચના કિસ્સામાં જ્યાં આદેશ પસાર કરવામાં આવ્યો હોય તેવા કેસો
- જે આકારણી વર્ષમાં ''પ્રોસીક્યૂશન'' (ફોજદારી ફરિયાદ) દાખલ કરવામાં આવી હોય તેવા કેસો
- વિદેશી આવક કે વિદેશી મિલ્કત અંગેના સ્ત્રોત બાબતે પસાર કરવામાં આવેલ આદેશ
- 'ડબલ ટેક્સેશન એવોઈડન્સ એગ્રીમેન્ટ' (DTAA), 'સ્મગ્લિંગ એક્ટ' હેઠળ 'ડિટેન્શન' ઓર્ડર પસાર કરવામાં આવેલ હોય તેવા કરદાતા,
- UAPA, 'નાર્કોટિક્સ એક્ટ', 'બેનામી પ્રોપર્ટી એક્ટ', પ્રિવેંશન ઓફ કરપ્શન એક્ટ, પ્રિવેંશન ઓફ મણિ લોંડરિંગ એક્ટ, ભારતીય ન્યાય સંહિતા વગેરે જેવા ગંભીર કાયદા હેઠળ કાર્યવાહી ચાલુ હોય તેવા કરદાતા.

ઈન્કમ ટેક્સ હેઠળ કોઈ કરદાતાનો કેસ અપીલમાં હોય તેઓએ હાલમાં રજૂ કરવામાં આવેલ આ 'વિવાદ સે વિશ્વાસ સ્કીમ-૨૦૨૪'ની જોગવાઈ જાણવી જરૂરી છે. આ યોજનાની જોગવાઈ જાણી પોતાના કેસેના તથ્યોને જોઈ આ યોજનાનો લાભ લેવો કે ના લેવો તે નક્કી કરવું જોઈએ. વિવાદ ચાલુ હોય એવા કિસ્સામાં આ સ્કીમ ઘણા કરદાતાઓને ઉપયોગી બનશે તે ચોક્કસ છે. પરંતુ આ સ્કીમમાં એવા કરદાતા કે જેઓના ઉપર ઈન્કમ ટેક્સ આદેશ પસાર કરવામાં કલમ ૬૮, ૬૯, ૬૯અ હેઠળ ઉમેરો કરવામાં આવ્યો છે તેવા કેસોમાં લાભ ખૂબ જૂજ કેસોમાં મળશે તે પણ ચોક્કસ છે. નોટબંધી થઈ છે ત્યાર બાદ મોટાભાગના આદેશમાં જ્યારે કોઈ રકમનો ઉમેરો કરવામાં આવે છે તે ઉમેરો કલમ ૬૮, ૬૯, ૬૯અ હેઠળ જ કરવામાં આવે છે તેવું જોવા મળી રહ્યું છે. આમ, છેલ્લા ૮ કે ૯ વર્ષમાં થયેલ આદેશ બાબતે આ સ્કીમ કેટલી ઉપયોગી બનશે તે શંકાનો વિષય છે!!

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

## 23.09.2024
## Goods Services Tax

**અમારા અસીલ એક ડોક્ટર છે. ૩૧.૦૩.૨૦૨૪ સુધી તેઓ ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરતાં હતા. હવે ૦૧ એપ્રિલ ૨૦૨૪ થી તેઓ દ્વારા પોતાની જગ્યા ભાડે આપેલ છે. શું અમારા અસીલ જી.એસ.ટી. નંબર લેવા જવાબદાર બનશે અને આ રકમ ઉપર જી.એસ.ટી. લાગુ થશે?**

જવાબઃ હા, આપના અસીલ દ્વારા કમર્શિયલ જગ્યા ભાડે આપવામાં આવી હોય જી.એસ.ટી. લાગુ થશે અને જી.એસ.ટી. નંબર ૨૦ લાખથી વધુ ટર્નઓવર થાય ત્યારથી લેવો ફરજિયાત બને.

**અમારા અસીલનું ટર્નઓવર ૨૦૧૭ ૧૮ થી ૨૦૨૦-૨૧ સુધી બે કરોડથી નીચે હતું. નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ માં તેઓનું ટર્નઓવર પહેલીવાર ૨ કરોડ થી વધુ થયું હતું. ૨૦૨૨-૨૩ માં ફરી તેઓનું ટર્નઓવર ૨ કરોડથી નીચે છે. હવે અમારે ૨૦૨૧ ૨૨ ના જી.એસ.ટી વાર્ષિક રિટર્ન બાબતે શું કરવું જોઈએ?**

**– જયેશ સુખડિયા, ટેક્સ કન્સલ્ટન્ટ,**

જવાબઃ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના વાર્ષિક રિટર્ન ભરવાની જવાબદારી આવે તે ભરી આપવું વધારે હિતાવહ છે. આ સાથે લેઈટ ફી ની જવાબદારી આવશે તે ચોક્કસ છે. બહુ મોટી લેઈટ ફી આવતી હોય અને અસીલ આ રકમ ભરવા તૈયાર ના હોય તો એમ્નેસ્ટી સ્કીમ આવે તેની રાહ જોવાનો વિકલ્પ લઈ શકો છો.

**અમારા અસીલને એક જ વર્ષ બાબતે સમાન મુદ્દા ઉપર CGST તથા SGST બન્નેમાંથી ASMT 10ની નોટિસ મળી છે. શું અમારે બન્ને ડિપાર્ટમેંટને જવાબ દેવો જોઈએ?**

**– કોળીપરા સુંદરીયા, પોન્નુર**

જવાબઃ ના, તમે કોઈ એક ડિપાર્ટમેંટને (શક્ય હોય ત્યાં સુધી પ્રોફાઇલમાં CGST કે SGST દર્શાવતુ હોય તેને) ASMT 11માં જવાબ આપી, અન્ય ડિપાર્ટમેંટને આ અંગે જાણ કરી આપો તેવો અમારો મત છે. બન્ને ડિપાર્ટમેંટને આ બાબતે જવાબ આપવા જરૂરી નથી તેવો અમારો મત છે.

**અમારા અસિલે જી.એસ.ટી. નંબર લીધો છે અને LUT પણ સબમિટ કરેલ છે. તેઓ દ્વારા પોતાના ફોરેન કલાઈન્ટને સેવા આપવામાં આવે છે. આ સેવા કરમુક્ત દર્શાવવાની રહે ને?**

**– નિમેશ પરિખ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ કોઈ સેવા, એક્સપોર્ટ ઓફ સર્વિસ ક્યારે ગણાય તે બાબતે IGST કાયદાની કલમ ૧૩માં શરતો આપવામાં આવેલ છે. આ શરતો પૂર્ણ કરતાં હોય તો આપના અસીલની સેવા એકપોર્ટ ઓફ સર્વિસ ગણાય. આ સેવા કરમુક્તમાં નહીં પણ એક્સપોર્ટમાં દર્શાવવાની રહે તેવો અમારો મત છે.

**અમારા અસીલનું નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪નું ટર્નઓવર ૨ કરોડથી વધુ થયું છે. આ પૈકી ૫૦ લાખ જેવુ ટર્નઓવર કરમુક્ત છે. શું તો પણ હું GSTR 9 ભરવા જવાબદાર બનુ?**

જવાબઃ હા, કુલ ટર્નઓવર ૨ કરોડથી વધુ હોય GSTR 9 ભરવું ફરજિયાત બને તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ/બેનામી ટ્રાન્સેકશન એક્ટ

**અમારા અસીલ દ્વારા પોતાના પત્નીના નામે નવું રહેણાંકી મકાન ખરીદવામાં આવેલ છે. આ મકાનના ૫૦ લાખના અવેજ પૈકી ૪૦ લાખની રકમ વેચનારને અમારા અસીલ દ્વારા ચૂકવવામાં આવી છે અને બાકીની ૧૦ લાખની રકમ અમારા અસીલના પત્ની દ્વારા ચૂકવવામાં આવી છે. આ મકાનનો દસ્તાવેજ માત્ર અમારા અસીલની પત્નીના નામે થયેલ છે. શું આમાં, સંપૂર્ણ મકાન પત્નીના નામે દર્શાવવું જોઈએ?**

જવાબઃ હા, દસ્તાવેજ માત્ર તમારા અસીલની પત્નીના નામે થયેલ હોય સમગ્ર મકાન તેમના નામે દર્શાવવું જોઈએ અને પતિ દ્વારા આપવામાં આવેલ ૪૦ લાખની રકમ જરૂર જણાય તેમ લોન અથવા ગિફ્ટ તરીકે દર્શાવી શકાય તેવો અમારો મત છે.




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

**અમારા અસીલને પોતાના સગા ભાઈ પાસેથી ૨૫ લાખની ગિફ્ટ મળી છે. આ ગિફ્ટ કરપાત્ર ગણાય કે કરમુક્ત? – સુંદરીયા કોલીપરા, પોન્નુર**

જવાબઃ કરદાતાને પોતાના ભાઈ પાસેથી મળેલ ગિફ્ટ કરમુક્ત ગણાય તેવો અમારો મત છે.

## 28th September 2024
## Goods Services Tax

**અમારા અસીલ કમર્શિયલ મિલ્કત ધરાવે છે. તેઓ જી.એસ.ટી. નંબર ધરાવતા નથી. તેઓની મિલ્કત ભાડે રાખનાર પણ જી.એસ.ટી. હેઠળ બિન નોંધાયેલ છે. આ મિલ્કતનું ભાડું ૧૦ લાખ જેવુ છે. પ્રશ્ન એ છે કે જી.એસ.ટી. હેઠળ આ મિલ્કત ઉપર ભાડા ઉપર RCM લાગુ પડે કે જી.એસ.ટી. હેઠળ નોંધણી લેવાની જવાબદારી મિલ્કતના માલિકની રહે કે ભાડે રાખનારની?**

**– સુંદરીયા કોલીપરા, પોન્નુર**

જવાબઃ આપના અસીલની કોમર્શિયલ પ્રોપર્ટી ભાડે આપવાની પ્રવૃતિમાં જો ટર્નઓવર મહિને ૧૦ લાખ હોય તો તો આપના અસીલ દ્વારા જ નોંધણી નંબર લઈ જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે. જી.એસ.ટી. કાઉન્સીલ દ્વારા ભલામણ કરવામાં આવી છે કે અનરજીસ્ટર્ડ પર્સનની કમર્શિયલ મિલ્કત ભાડે રાખનાર ઉપર RCM લેખે ભરવાની જવાબદારી આવે તે અંગે નોટિફિકેશન હજુ સુધી આવ્યું નથી. આમ, હાલમાં બિન નોંધાયેલ ખરીદનારની RCMની જવાબદારી આવતી નથી તેવો અમારો મત છે.

**અમારા અસીલનો ધંધો પાણીની વેસ્ટ બોટલનું કટિંગ કરી વેચાણ કરવાનો છે. તેઓ જે વેસ્ટ ખરીદી કરે છે તે URP પાસેથી કરે છે. તેઓની ખરીદી ઉપર RCM ભરવાની જવાબદારી આવે? – નરેશ બોદર, અમરેલી**

જવાબઃ પાણીના વેસ્ટ બોટેલની ખરીદી ઉપર હાલ કોઈ RCMની જવાબદારી લાગુ પડે નહીં તેવો અમારો મત છે.

## 05th October 2024
## Goods Services Tax

**અમારા અસીલ કરમુક્ત ચોપડા વેચાણ કરવાનો ધંધો કરે છે. તેઓનું ટર્નઓવર ૬૦ લાખ જેવુ છે. શું માત્ર કરમુક્ત માલનું વેચાણ કરતાં હોય તો પણ જી.એસ.ટી. નંબર લેવો ફરજિયાત છે? – સુંદરીયા કોલીપરા, પોન્નુર**

જવાબઃ આપના અસીલ માત્ર કરમુક્ત માલનો વેપાર કરતાં હોય ૬૦ લાખનું ટર્નઓવર હોવા છતાં જી.એસ.ટી. નોંધણી લેવી ફરજિયાત નથી. પણ આ ટર્નઓવર પૈકી ૧ રૂપિયાનું ટર્નઓવર પણ કરપાત્ર માલ નું થાય, (જેમ કે બોલપેન વી.) નો નોંધણી દાખલો લેવો ફરજિયાત બને તેવો અમારો મત છે.

**અમારા અસીલ કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતા છે. તેઓને જઊણ યુનિટમાંથી માલ બાબતે ઓર્ડર મળે છે. શું તેઓ કંપોઝીશનની બહાર નીકળી જશે? – સુંદરીયા કોલીપરા, પોન્નુર**

જવાબઃ હા, SEZની સપ્લાય એ આંતર રાજ્ય સપ્લાય (ઈન્ટર સ્ટેટ) ગણાય અને કમ્પોઝીશનના નિયમનો ભંગ ગણાય અને આપના અસીલ કંપોઝીશનની બહાર નીકળી જશે તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ કોમર્શિયલ મિલ્કતની ભાડાની આવક ધરાવે છે. આ આવક ઉપર ''હાઉસ પ્રોપર્ટી'' તરીકે ટેક્સ લાગે કે ''બિઝનેસ ઈન્કમ'' તરીકે? – સુંદરીયા કોલીપરા, પોન્નુર**

જવાબઃ જમીન સાથે મકાન હોય, ભલે તે કોમર્શિયલ હોય કે રેસિડેનશિયલ, તે સામાન્ય રીતે હાઉસ પ્રોપર્ટીની આવકમાં પડે તેવો અમારો મત છે.

## 15th October 2024
## Goods Services Tax

**અમારા અસીલ મમરાના વેપારી છે. તેઓ કમોદ (ડાંગર) ની ખરીદી કરી તેમાથી મમરા બનાવી બ્રાન્ડ વાળા ૨૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામના પેકિંગમાં અને લુઝ બ્રાન્ડ વગર ૧૦ કિલો, ૨૦ કિલો, ૩૦ કિલો જેવા પેકિંગમાં વેચાણ કરે છે. અમો, પેકિંગ વાળા વેચાણ ઉપર ૫% જી.એસ.ટી. ઉઘરવીએ છીએ. અમે લુઝ મમરાનું વેચાણ કરમુક્ત કરીએ છીએ. અમારા વેચાણ ઉપર ૧૯૦૪૧૦ HSNનો વપરાશ થાય છે.**

**– રાકેશ ધોરાજીયા**

જવાબઃ મમરા લુઝમાં કોઈ લેબલ વગર વેચાણ કરવામાં આવે તો કરમુક્ત બને અને જો બ્રાન્ડ સાથે પેકિંગમાં વેચાણ કરવામાં આવે તો ૨૫ કિલો કે તેથી નીચેના પેકિંગ ઉપર ૫% જી.એસ.ટી. લાગુ પડશે જ્યારે ૨૫ કિલો ઉપરના પેકિંગ ઉપર કોઈ જી.એસ.ટી. લાગુ પડે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ સોના ચાંદીના વેપાર સાથે સંકળાયેલ છે. ૧૦.૧૦.૨૦૨૪ થી મેટલ સ્કેપ ઉપર RCM ભરવાની જવાબદારી લાગુ કરવામાં આવી છે. શું અમારા આ અસીલ ઉપર સોના ચાંદીના ઘરેણાં, ફાઈન ગોલ્ડ ખરીદી કરે તો તેમના પર પણ શું RCM ભરવાની જવાબદારી આવશે?**

**– જિગર વોરા, એડવોકેટ, રાજકોટ**

જવાબઃ ના, સોનાના દાગીના નો HSN કોડ ૭૧થી શરૂ થાય છે. સેંટરલ ટેક્સ નોટિફિકેશન ૦૬/૨૦૨૪ (રેઈટ) મુજબ HSN ૭૨ થી ૮૧ હેઠળના મેટલ સ્કેપ ઉપર RCMની જવાબદારી ઉપસ્થિત થાય છે તેવો અમારો મત છે. આમ, સોના ચાંદીના ઘરેણાં કે ફાઈન ગોલ્ડની ખરીદી ઉપર RCMની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલના એક પ્રોફેશનલ છે અને ધંધાકીય હિસાબ ટેલિ સૉફ્ટવેર ઉપર લખવામાં આવે છે. તેઓના નાણાકીય વર્ષ ૨૦૨૩ ૨૪ નું ટર્નઓવર ૮૦ લાખનું હતું. તેઓનો ડેટા ખરાબ થઈ જવાના કારણે એકાઉન્ટ ફરી લખવું પડ્યું હતું. તેઓનું ઓડિટ નિયત તારીખ ૦૭.૧૦.૨૦૨૪ પછી થયું છે. શું ઓડિટ મોડુ કરાવવા પેનલ્ટી લાગે?**

**– સુંદરીયા કોલીપરા, પોન્નુર**

જવાબઃ હા, ૦૭.૧૦.૨૦૨૪ બાદ ઓડિટ અપલોડ કરવામાં આવે તથા સ્વીકારવામાં આવે તો ઈન્કમ ટેક્સ કાયદા ની કલામ ૨૭૧ઈ હેઠળ પેનલ્ટી લાગુ થઈ શકે છે. તેવો અમારો મત છે. પરંતુ આ પેનલ્ટી સામે યોગ્ય કારણ દર્શાવી આ પેનલ્ટી દૂર કરવા રજૂઆત થઈ શકે છે. હા, આ પ્રકારે ઓડિટ મોડુ થયું હોય તેની પેનલ્ટી બહુ જૂજ કેસોમાં પ્રેક્ટિકલી લાગી છે.

**અમારા અસીલને એમના મિત્ર દ્વારા વ્યાજ વગરની લોન આપવામાં આવેલ છે. આ લોન ઘણા લાંબા સમય માટે છે. શું આ લોન ઉપર કોઈ ઈન્કમ ટેક્સની જવાબદારી આવે? – સુંદરીયા કોલીપરા, પોન્નુર**

જવાબઃ ના, આપના અસીલને જે લોન મળી છે તે લાંબા સમય માટે હોય તો પણ ઈન્કમ ટેક્સની કોઈ જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે. હા, આ લોન ફરી ચૂકવવાની નથી તેવું સાબિત થાય તો તે રકમ ઉપર ઈન્કમ ટેક્સની જવાબદારી આવી શકે છે તેવો અમારો મત છે.

**અમારા અસીલ ઓવર ડ્રાફ્ટ એકાઉન્ટ ધરાવે છે. આ ઓવર ડ્રાફ્ટ એકાઉન્ટમાં વાર્ષિક ધોરણે કેટલી રકમ નાખી શકાય તે અંગે કોઈ મર્યાદા ઈન્કમ ટેક્સ કાયદામાં સૂચવેલ છે?**

જવાબઃ ના, ઓવર ડ્રાફ્ટ એકાઉન્ટમાં કેટલી રકમ નાંખી શક્ય તે અંગે કોઈ મર્યાદા ઈન્કમ ટેક્સ કાયદામાં આપવામાં આવેલ નથી તેવો અમારો મત છે.

### –:: ખાસ નોંધ ::–

૧. જી.એસ.ટી. ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઇ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછ્વા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

ડિસ્ક્લેમરઃ આ કૉલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

◆ Year: 8 ◆ Issue No.12 ◆ Continue Issue No.95 ◆ Date: 20/10/2024, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- (With Courier Rs.300/-) ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.